વડીલોને વંદન અભિનંદન

કે.ઓ.વ્યાસ
(૧૯૩૮)ફોન: ૨૩૨૩૦૩૫૯

જશુમતિબેન આઈ.જાની
(૧૯૩૭)ફોન: ૨૩૨૨૪૩૫૫

વિધાનસભાનું બીજુ સત્ર લાંબું બોલાવવા વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાની માંગણી

મહત્વના રિપોર્ટ સમયસર રજુ થતા નથી : ધારાસભ્યોનો હક્કો છીનવાઈ રહ્યા છે : ઉપાધ્યક્ષપદ વર્ષોથી ખાલી છે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે રાજ્યપાલ તથા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ પત્રો પાઠવી વિધાનસભાના ટૂંકા સત્ર વિશે તથા વિધાનસભાના અન્ય કામકાજ વિશે ગંભીર રજુઆતો કરી હતી.

રાજ્યપાલને પાઠવેલ પત્રમાં શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભા ઉત્તરોત્તર પોતાનું કામકાજ કરવાના દિવસો ટૂંકાવવાના કારણે સમયના અભાવે વર્ષના બીજા સત્રમાં ક્યારેય પણ અસરકારક રીતે કામકાજ હક્કો પણ છીનવાઈ જાય છે. નોટિસ પિરીયડ પણ મળતો નથી. બીજા સત્રમાં ગૃહ માત્ર એક અથવા બે દિવસ અથવા ગણતરીના કલાકો માટે જ મળે છે, ત્યારે આવી પરીસ્થિતિ અસહ્ય અને હાસ્યાસ્પદ બને છે. બંધારણની જોગવાઈઓ અસરકારક બને અને તેની ભાવનાને અનુરૂપ રહે, માત્ર ટેકનિકલ ન બની રહે એ જોવાની જવાબદારી આપની છે એમ હું સમજુ છું. આ

બાબતમાં પ્રજાહિત માટે, ધારાસભ્યો હિત માટે અને બંધારણના હિત માટે અસરકારક રીતે સરકારને યોગ્ય માર્ગદર્શન આપશો. વિધાનસભા ગૃહ એ સરકારની મરજી મુજબ ચાલતું ગૃહ નથઈી એ સરકાર ઉપર અસરકારક રીતે કન્ટ્રોલ રાખતી ઈફેક્ટીવ બોડી છે. કેગનો રિપોર્ટ, વિજીલન્સ રિપોર્ટ, લોકાયુક્ત ચુકાદા અંગેનો રિપોર્ટ, બોર્ડ નિગમ રિપોર્ટ, નાણાકીય વિભાગોની ચર્ચા, નર્મદાનો રિપોર્ટ, ઉચ્ચશિક્ષણમાં એસ.સી., એસ.ટી. ઓ બીસી વિદ્યાર્થીને અન્યાય અંગેના રીપોર્ટ જેવા રીપોર્ટ સમયસર રજુ થઈ શકતા નથી. એટલે સરકાર પાસે સરકારી કામકાજ ના હોય તો પણ અન્ય કામગીરી અને ગુણવત્તા માટે બીજા સત્રમાં ગૃહના દિવસો લંબવાય એ જોવા માટે આપની વગનો આપ ઉપયોગ કરશો તેવી અપેક્ષા સાથે. આ ઉપરાંત શંકરસિંહ વાઘેલાએ વિધાનસભાના અધ્યક્ષને પાઠવેલ પત્રમાં જણાવ્યું હતું કે ગુજરાતની ભાજપ સરકાર બંધારણીય રીતે અને લોકશાહી પ્રક્રિયારૂપે પ્રજાની ભાવનાઓનો પડઘો પાડતી નથી. ઘણાં વર્ષોથી વિધાનસભાનું ઉપાધ્યાપક્ષપદ ખાલી છે. ભલે વિરોધપક્ષમાંથી પસંદ ન કરે પણ ઉપાધ્યક્ષ પદની ગરીમા તો જળવાય.

પીએસીનો રીપોર્ટ સમયસર મેજ ઉપર મૂકી શકાતો નથી. સીએજીનો રીપોર્ટ છેક છેલ્લા દિવસે મુકવાની સરકારની માનસિકતા સમજાતી નથી. ભ્રષ્ટાચાર આચાર્યાના દાખલાઓ સીએજીના રીપોર્ટમાં હોય છે. આવાજ રીપોર્ટના આધારે સંસદમાં ભાજપ કામકાજ બંધ કરાવે અને પ્રજાના લાખો રૂપિયા વેડફાય એ જુદા. અહીં ગુજરાતમાં ભાજપની સરકાર સીએજીના રીપોર્ટની ચર્ચા પણ ન આપે તે કેવી વિરોધાભાશી નીતિઓ. આથી વિધાનસભાનુંઆગામી મળનાર સત્ર માત્ર બે દિવસનું નહીં રાખતાં વધારે દિવસોનું ગોઠવીને વિરોધપક્ષને પણ પ્રજા હિતના કામો થઈ શકે તે માટે ન્યાય આપી શકે તેટલા સમય માટેનું રાખવામાં આવે તેવી યોગ્ય કાર્યવાહી આપ હાથ ધરાશો. દિવસો નક્કી કરવાનો ડિસ્ક્રિપ્શનરી પાવર આપનો છે ત્યારે સરકાર ઉપર આધારિત ન રહેતાં આપ આપની સત્તાનો ઉપયોગ કરશો એવી મારી નમ્ર વિનંતી છે અને ગૃહના સત્રને યોગ્ય રીતે વધુ દિવસો કરી આપશો જેથી અમો અમારું કામકાજ હાથ ધરી શકીએ.

પ્રાંતિજ નજીક તાજપુર કુઈ વિસ્તારના ૨૦૦ વિદ્યાર્થીઓ બસના છાપરે બેસી જોખમી મુસાફરી કરે છે

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજ તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાંથી દરરોજ શાળા-કોલેજમાં અભ્યાસ અર્થે બહારગામ જતા વિદ્યાર્થીઓને દરરોજ સમયસર શાળાએ પહોંચવા માટે બસના છાપરા પર બેસીને જોખમી મુસાફરી કરવાનો વારો આવે છે. આ મામલે અસંખ્ય વખત સ્થાનિકઓએ ડેપો મેનેજર સમક્ષ રજૂઆત કરી છે. તેમ છતાં કોઈ પગલા ન લેવાતા વિદ્યાર્થીઓ અને સ્થાનિકોએ આ મામલે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજની આસપાસના તાજપુર કુઈ, પ્રાંતિજ શહેર વગેરે વિસ્તારમાંથી દરરોજ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ પોતાના ગામથી અભ્યાસ અર્થે ૫૦-૬૦ કિ.મી.નું બસમાં અંતર કાપી કાપીને અવરજવર કરે છે. ત્યારે આ વિસ્તારમાં એસ.ટી. તંત્ર દ્વારા સવારની એક જ બસ મુકવામાં આવી છે. જે બસ બોભા, ઈન્દ્રાજપુરા પોપડા, થઈને આવે છે અને તાજપુર કુઈ આવતા બસ ખીચોખીચ ભરેલી હોય છે. આથી વિદ્યાર્થીઓ ના છુટકે બસના છાપરા પર બેસી શાળા-કોલેજ જવાનો વારો આવે છે. આથી આ સમસ્યાને લઈ સ્થાનિકોએ અનેકવાર એસ.ટી. વિભાગ સમક્ષ રજૂઆત કરી છે તેમ છતાં કોઈ સરકારી અધિકારી આ મામલે કોઈ કાર્યવાહી કરતા નથી અને દરરોજ વિદ્યાર્થીઓ જોખમી મુસાફરીથી પરેશાન થઈ ગયા છે અને બીજી નવી બસ મુકવા માંગ કરી છે.

પાલનપુરના નવા લક્ષ્મીપુરા ખાતે પિતાએ પુત્રી સામે ચોરીની ફરિયાદ નોંધાવી

પાલનપુર, તા. ૨૪

પાલનપુર તાલુકાના નવા લક્ષ્મીપુરા ખાતે રહેતા પિતાએ તેમની જ પુત્રી સામે એક લાખના દાગીના અને રોકડ લઈ નાસી છુટવાના બનાવ સંદર્ભે પશ્ચિમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર નવા લક્ષ્મીપુરા ખાતે રહેતા પિતામ્બરભાઈ બેચરભાઈ પટેલની પુત્રી તેમના ઘરમાંથી ૩૦ હજાર રોકડા રૂપિયા અને સોના-ચાંદીના દાગીના સહિત રૂ. ૧.૯ લાખનો મુદ્દામાલ લઈ નાસી ગઈ હતી. આથી આજે પુત્રીના પિતાએ શહેરના પશ્ચિમ પોલીસમથકમાં પુત્રીના વિરૂદ્ધમાં ફરિયાદ આપતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

જે. બી. પ્રાથમિક શાળામાં ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળા ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જે.બી. પ્રાથમિક શાળાના આચાર્ય નીવાબેન પટેલે ગુરૂપૂર્ણિમા નિમિત્તે વિદ્યાર્થીઓને આશીર્વાદ આપી જીવનમાં પ્રગતિ કરે તેવી ગુરૂભાવના વ્યક્ત કરી હતી. જ્યારે વિદ્યાર્થીઓએ શ્લોકના ગાન સાથે પુષ્પગુચ્છ રાહ કુમકુમ ડાંદલો કરી આશીર્વાદ મેળવ્યા હતા. ગુરૂપૂર્ણિમાની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓએ ગુરૂપૂર્ણિમાને વ્યક્ત કરતા ગીતો અને વક્તવ્યો રજુ કર્યા હતા. તેમજ શાળામાં યોજાયેલ ફુલ છડી મેકીંગ સ્પર્ધામાં કુલ ૧૦૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાન મેળવ્યું હતું. તેમજ 'આદર્શ વિદ્યાર્થી તરીકે ગુરૂ પ્રત્યેની ફરજ' નિબંધ લેખન સ્પર્ધામાં કુલ ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. શિક્ષક ભાઈ બહેનો અને વિદ્યાર્થીઓના સહિયારા પ્રયાસથી ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

વાવોલના એમ.બી. પટેલ વિદ્યાલય ખાતે ગુરૂપૂર્ણિમા દિને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર પાસે આવેલા વાવોલ ગામની પ્રગતિ મંડળ સંચાલિત એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવી હતી. બાદમાં પ્રાર્થના સભામાં શાળાના અધ્યાપક ગણ દ્વારા ગુરૂનું મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. તથા વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂનું મહત્વ વિશે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જ કાર્યક્રમમાં ગાયત્રી પરિવાર સેકટર-૧ દ્વારા વૈદિકવિધિથી વૃક્ષના છોડનું શાળાની બાળાઓ દ્વારા પૂજન કરાયું હતું. પૂજન કરાયેલ તમામ છોડ શાળાના ખુલ્લા મેદાનમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકગણ, ગાયત્રી પરિવારજનો તેમજ ગ્રામજનો હસ્તે ૧૫૦ થી પણ વધુ વનસ્પતિના છોડનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાયત્રી પરિવારના પ્રફુલ્લભાઈ પટેલે ગુરૂનું મહત્વ અને વૃક્ષોના મહત્વ વિશે વિદ્યાર્થીઓને રસપ્રદ માહિતી આપી હતી.

સી. એમ. હાઈસ્કૂલમાં ગુરૂપૂર્ણિમા અને પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૨ ૩માં સ્થિત સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે તાજેતરમાં ધો. ૯, ૧૦ અને ૧૧ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ અને ગુરૂપૂર્ણિમા કાર્યક્રમ ભારે ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો.

કાર્યક્રમના પ્રારંભે આચાર્યએ પ્રવચનમાં પોતાના ગુરૂઓ અને સંસ્થાના અધ્યસ્થાપક છગનભા, દાસકાકા અને સ્વ. માણેકલાલ પટેલને યાદ કર્યા હતા અને વિદ્યાર્થીઓમાં ઉચ્ચ શિસ્ત અને સંસ્કારનું ઘડતર થાય તે માટે પ્રેરક વાતો કરી પ્રોત્સાહન કર્યા હતા. બાદમાં કાર્યક્રમના સંચાલક બિંદુબેન ચૌહાણે બાળકોને ગુરૂવંદનાનું મહત્વ સમજાવ્યું હતું. તથા ગુરૂ જ્ઞાનનો ભંડાર, ગુરૂ અંધકારમાંથી પ્રકાશમાં લઈ જનાર અને સાચો માર્ગ ચિંધનાર પથદર્શક છે તેમ જણાવ્યું હતું. જ્યારે ધોરણ-૯, ૧૦ અને ૧૧ના વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ યોજાયો જેમાં વિદ્યાર્થીઓને શાળા-પરિવારે આવકાર્યા હતા. બાદમાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત ગુરૂઓ બી.કે. પટેલ, વી.એમ. પટેલ, હરિભાઈ પટેલનું તેમજ શાળાના તમામ પરિવારજનોનું કુમ કુમ અક્ષતથી પૂજન કર્યું હતું.

બેંક ઓફ બરોડા પ્રાંતિજ દ્વારા શાળા સંકુલમાં વૃક્ષારોપણ ઉજવાયુ

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજ શહેરમાં બેન્ક ઓફ બરોડાના ૧૦૬માં સ્થાપના દિને શાખા દ્વારા શહેરની સર્વોદય કન્યા વિદ્યાલય અને સૌરભ સાયન્સ સ્કૂલના પટાંગણમાં આજે બેંક ઓફ બરોડા પ્રાંતિજ શાખા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ ંહતું. આ પ્રસંગે પ્રાંતિજ શહેર ભાજપના હોદ્દેદારો તેમજ પાલિકાના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. બેંક ઓફ બરોડાના મેનેજર આર.એમ. પટેલે શાળા પરિવારને બાળકો માટે બે સિલીંગ ફેન ભેટ આપ્યા હતા. આચાર્ય મીનાક્ષીબેન પટેલ, સંચાલક કમલેશ પટેલ તેમજ શાળા પરિવારે આભાર માન્યો હતો. આ તબક્કે એક દાતા મનોજભાઈ પટેલ દ્વારા બાળકોને નોટબુક પેન્શિલ તથા કીટ અર્પણ કરવામાં આવી હતી. બેંક મેનેજરે બેંકીંગ સેવાની સાથે સાથે સામાજીક દાઈત્વ પણ નીભાવી બેંકના સ્થાપના દિનની ઉજવણી કરી હતી.

પાલનપુર ખાતે શબ્દાયન સંસ્થા દ્વારા કરાયા વર્ષના વધામણા

કવિઓએ વરસાવ્યો વર્ષા પ્રત્યેની લાગણીનો વરસાદ

પાલનપુર, તા. ૨૪

વરસાદ વિના સૃષ્ટિ શક્ય નથી. વરસાદ કોને ના ગામે, હાલ સર્વત્ર ઝરમર-ઝરમર મેહૂલિયો વરસી રહ્યો છે ત્યારે ગુરૂબ્રાહ્મણ સમાજની સંસ્થા શબ્દાયન દ્વારા વર્ષારાણીના વધામણા કરવા કવિ સંમેલન યોજવામાં આવ્યું હતું. પાલનપુરમાં યોજાયેલા કવિ સંમેલનમાં ભજનીક ગીતકારોએ વર્ષા વિશેની રચનાઓ પ્રસ્તુત કરી હતી. સભા સંચાલન જાણીતા સર્જક પ્રો. વિનોદ ગાંધીએ કર્યું હતું.

કવિ સંમેલનમાં શુષ્ક પીરોજપુરી, ધરમાભાઈ શ્રીમાળી, ભાનુભાઈ પુરાણી, રતીલાલ, પ્રવિણ જોષી, ભાનુભાઈ દવે, ડૉ. પીનાકીન પંડ્યા, ડૉ. મહેશચંદ્ર પંડ્યા, ઈશ્વરભાઈ શ્રીગોડ, મથુરાપ્રસાદ સહિતના કવીઓએ પોતાની મૌલિક કૃતિઓ રજૂ કરી હતી. જ્યારે ચિત્રકાર ગણપતભાઈ પંડ્યાએ વર્ષાના વધામણાના સુંદર ચિત્રો રજૂ કર્યા હતા.

વન મહોત્સવની ઉજવણી અંતર્ગત શહેરમાં કાર્યરત હિલવૂડ્સ સ્કૂલ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ન્યૂઝપેપર ઈન એજ્યુકેશનના પ્રતિનિધિ શશાંક દૂબેની ઉપસ્થિતિમાં સ્કૂલના વાઈસ પ્રિન્સીપાલ સુજાતા ટંડનના માર્ગદર્શનમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એજ્યુકેશનલ હેડ ડૉ. સંગીતા સિંહાએ વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્ત્વ વિગતે સમજાવ્યું હતું. ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓએ ૨૦૦ જેટલાં રોપાંનું આરોપણ કર્યું હતું.

શબ્દાવલી - ૫૧૨૯



આડી ચાવી

૧. પ્રખ્યાત, વિખ્યાત (૪)
૪. આવનારા વર્ષોમાં, હવે પછીના (૩)
૭. ભીંડીના જાતનો એક છોડ કે તેના રેસા (૨)
૮. અક્કલ, વકરો (૨)
૧૧. ઘા, વ્રણ (૩)
૧૨. નાચવા ગાવાનો ધંધો કરતી સ્ત્રી (૩)
૧૩. નુકશાન (૨)
૧૪. ... કરાવે વેઠ, ઉદર (૨)
૧૫. સ્હેજ (૩)
૧૬. ઉત્સવ (૪)
૧૮. ઉત્સવ (૪)
૨૧. જરૂરીયાત, ... હોય તો ગધેડાને પણ ... (૩)
૨૨. ... મારવી, ઝૂંટવી ને લેવું (૩)

ઊભી ચાવી

૧. વિજ્ઞાપન, જાહેરાત (૩)
૨. નામ એનો... થાય જ (૨)
૩. ૨૦ કિલોનું માપ (૨)
૪. દારૂ, નશીલો પદાર્થ (૩)
૫. શહેરન વિરોધી શબ્દ (૨)
૬. મહેકિલ, જમણવાર (૪)
૧૦. મફત, નકામો (૩)
૧૩. બોલાવવા પડાતો અવાજ (૨)
૧૪. સંદેશો (૩)
૧૫. સ્વર્ગ (૩)
૧૬. ઉગ્ર, તીક્ષ્ણ (૩)
૧૭. સારૂં હોવું તે,... હોવી (૩)
૧૯. પ્રેમ, સ્નેહ (૨)
૨૦. ... ફરતી વારો આવે નાના મોટા સૌનો... (૨)

શબ્દાવલી ૫૧૨૮ના જવાબ

આડી ચાવી :- (૧) દુષ્કાળ (૨) ભોર (૫) માલેતુજાર (૬) નજાકત (૯) નરમ (૧૦) ડૉલર (૧૨) કીકી (૧૪) ઉત્તરાયણ (૧૬) જાજમ (૧૭) રેવા (૧૮) રીસેશ (૧૯) તણખા

ઊભી ચાવી :- (૧) દુલ્હન (૨) ભોલે (૩) રતુમડો (૪) ઝરમર (૫) માતમ (૭) જાનકી (૮) કર (૧૧) લક્ષ્મણરેખા (૧૨) કીલકારી (૧૩) મરામત (૧૪) ઉજાશ (૧૫) તજ

કંપની સમાચાર

વૈષ્ણદેવી ડેરી પ્રોડક્ટસનો ગુજરાતમાં પ્રવેશ શુભી ઘી-શુદ્ધ ગાયના દૂધનું ઘી ગુજરાતની બજારમાં

અગ્રણી ડેરી ઉત્પાદન વૈષ્ણોદેવી ડેરી પ્રોડક્ટસે અમદાવાદમાં શુદ્ધ અને સમૃદ્ધ ગાયના ઘી શુભી ઘી રજૂ કર્યાની જાહેરાત કરી છે. વિશ્વ કક્ષાની ગુણવત્તા અને ઉચ્ચ પોષક દુગ્ધ પેદાશો માટે જ્ઞાત આ બ્રાન્ડ તેનું ઘી શુભી બ્રાન્ડ નામ હેઠળ વેચશે.

શુભી ઘી શુદ્ધતા, પોષકીય મૂલ્ય અને ગુણવત્તા માટે જ્ઞાત છે. તેની પ્રક્રિયા પુણે નજીક ઉરુલી કાંચન ખાતે સ્થપાયેલી અમારા અત્યાધુનિક આંતરરાષ્ટ્રીય ધોરણો હેઠળ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને કરાય છે. આ પ્રોડકટ અમારા એકમ ખાતે સ્વચ્છતાની બાંયધરી પ્રદર્શિત કરે છે. શુભી ઘી મીઠું અને લેકટોઝથી મુક્ત છે, જેને લીધે ઓછા સોડિયમવાળો આહાર લેતા હોય કે લેકટોઝ સહનશીલ ન હોય તેવા લોકો માટે તે અનુરૂપ બની જાય છે. શુભી ઘી પ્રણાલીમાં આસાનીથી શોષાઈ જાય છે. તે શરીરને પોષણ આપે છે, કારણ કે તેમાં વિટામીન અને મિનરલ ઊંડાણમાં જરૂર હોય ત્યાં પહોંચે છે.

આરોગ્યક્ષેત્રે દર્દીઓને પરવડે તેવી દવા બજારમાં મુકતી ઈકોમેક

સમગ્ર દેશમાં ડબલ્યુ એચઓ દ્વારા કરાયેલા સર્વેક્ષણ મુજબ ૬૫ ટકા વસ્તી આવશ્યક દવાઓ મેળવી શકતી નથી. તેમજ દેશમાં માત્ર માદા પડતા લોકોમાંથી ૨૩ ટકા લોકો દવાના પૈસાના અભાવે દવા ખરીદી શકતા નથી ત્યારે માર્કેટમાં ઉપલબ્ધ દવાની રેન્જની તુલનાએ ૭૦થી ૮૦ ટકા ઓછા ભાવે કેમીસ્ટોની દુકાનમાં દવાઓ ઉપલબ્ધ કરાવશે.

આજે અમદાવાદમાં ગુજરાત કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશનન દ્વારા આયોજીત પત્રકાર પરિષદમાં ઈકોમેક મેડિજ પ્રા.લિ.ના એમ.ડી. રતિલાલ રાકાએ જણાવ્યું હતું કે, આરોગ્યક્ષેત્રે લાંબા સમયના જે રોગો જેવા કે ડાયાબિટીશ, હૃદયરોગ, હાઈપર ટેન્શન વગેરે માટે હવે ઈકોમેક આમ આદમીને કરવો પડતો ખર્ચ બચાવવામાં મહત્વનું યોગદાન આપશે.

તેમણે જણાવ્યું હતું કે, ઈકોમેક ૩૫૦ જેટલી આવશ્યક દવાઓનું રજીસ્ટ્રેશન ધરાવે છે અને ઈકોમેક દ્વારા ઉત્પાદન કરવામાં આવતી દરેક દવાઓ વિશે આરોગ્ય કેન્દ્ર અને જી.એમ.યુ. નું સર્ટિફીકેટ ધરાવતી કંપનીઓમાં જ કરવામાં આવશે. અને દર્દીઓના આરોગ્ય સાથે કયાંય કોઈ જ સમાધાન કરવાના નથી. તેમણે જણાવ્યું હતું કે, દેશભરમાં સર્વ પ્રથમ ઈકોમેકની દવાઓનું લોન્ચિંગ જાન્યુ.૨૦૧૩માં નાગપુરમાં શરદ પવારના દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર પછી ગુજરાતમાં આજે ગુજરાત કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશનના સહકારી કામગીરીને પાર પડાઈ છે.

આ પ્રસંગે ગુજરાત કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશનના પ્રમુખ જશુભાઈ પટેલે જણાવ્યું હતું કે ઈકોમેક દ્વારા સાવ ગરીબ માણસોને પણ પરવડે તેવી ગુણવત્તાયુક્ત દવાઓ બજારમાં સૌથી ઓછાભાવે બજારમાં લાવતા રહેશે.

પગલે એલર્ટ... ● પહેલા પાનાનું ચાલુ

સૂચનાઓ આપી છે. આ ઉપરાંત વરસાદી પાણીના ઝડપી નિકાલ માટેની જરુરી વ્યવસ્થાઓ સ્ટેન્ડ ટુ રાખવા પણ જણાવ્યું છે.

તંત્ર એ વન વિભાગ, માર્ગ મકાન વિભાગ તેમજ સિંચાઈ વિભાગના અધિકારીઓને પણ સંપર્કમાં રહેવા માટે જણાવ્યું છે. વૃક્ષો જો માર્ગ પર પડે તો તેને તાત્કાલિક દૂર કરી શકાય તે માટેની ટીમોને પણ તૈયાર રાખવા વન વિભાગને જણાવાયું છે જેથી વાહન વ્યવહાર રાબેતા મુજબ રાખી શકાય.

ભારેથી અતિ ભારે વરસાદની આગાહી પૂર્વે જ જિલ્લાના પ્રભારી સચિવશ્રી સંજય પ્રસાદે પણ થોડા સમય પૂર્વે આગોતરા આયોજની સમીક્ષા કરી તંત્રને અન્ય કેટલાક મહત્વના પગલાંઓ સૂચવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

શાંતાબેન ગજેન્દ્ર ગડકરને મુખ્યપ્રધાનની શ્રદ્ધાંજલી

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સેવિકા સમિતિના સમર્પિત વરિષ્ઠ મહિલા અગ્રણી અન રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘની વિચારધારાને આત્મસાત કરનારા સ્વ. શાંતાબેન ગજેન્દ્ર ગડકરના અવસાન અંગે ઊંડા દુઃખ અને આઘતની લાગણી વ્યક્ત કરી ભાવભરી શ્રદ્ધાજંલી આપી છે.

નરેન્દ્ર મોદીએ આજે બપોર બાદ અમદાવાદ સદગત શાંતાબેનના શોક સંતપ્ત પારિવારીક સ્વજનોની ઉપસ્થિતિમાં સદગતના પાર્થિવ દેહ ઉપર શોકાતૂર હૃદયે પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને પરિવારના સભ્યોને મળીને સાંત્વના પાઠવી હતી.

ધોધમાર વરસાદ... ● પહેલા પાનાનું ચાલુ

લોકો સાવચેતી રૂપે વહેલી તકે ઓફિસ પહોંચી ગયા હતા. હવામાન વિભાગે કહ્યું છે કે અમદાવાદમાં પણ ભારે વરસાદ થવાની શક્યતા રહેલી છે. અમદાવાદ ઉપરાંત ગુજરાતના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. ખાસ કરીને રાજકોટ અને સાપર વેરાવળ વચ્ચે મોડી સાંજે ભારે વરસાદ થયો હતો. ગુજરાતમાં પણ આ વર્ષે સારો વરસાદ થયો હોવાથી ખેડૂતોમાં હજુ સુધી આનંદની લાગણી જોવા મળી રહી છે. ગઈકાલે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજયના ૧૧૦ તાલુકાઓ માં વરસાદ થયો હતો. સોમગઢમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. અમદાવાદમાં આજે દિવસ દરમિયાન વરસાદ જારી રહે તેવી શક્યતા છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત માટે ભારે વરસાદની આગાહી કરેલી છે. બુધવાર અને ગુરુવારના દિવસે ભારે વરસાદ થાય તેવી શક્યતા છે. પ્રદેશ વાઈઝ વાત કરવામાં આવે તો સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં તેમની સરેરાશ સિઝનલ વરસાદનો ૬૪ વરસાદ મેળવી લીધો છે જ્યારે ઉત્તર ગુજરાતમાં ૫૯ અને મધ્ય ગુજરાતમાં સરેરાશ સિઝનલ વરસાદનો ૫૧ ટકા વરસાદ થઈ ચૂક્યો છે. કચ્છમાં તેની સરેરાશ સિઝનલ વરસાદ પૈકી ૪૨ ટકા વરસાદ થયો છે.

ટચૂકડી જાહેર ખબર
ગ્રેજ્યુએટ માણસો જોઈએ છે
ગ્રેજ્યુએટ તથા ૧ વર્ષનો ઓફિસ તથા બાંધકામ સાઈડનો અનુભવી.
સમય : ૯.૦૦ થી ૬.૦૦
મો. ૬૮૨૫૮૦૫૧૪૧

સાફ-સફાઈ કરશે... ● છેલ્લા પાનાનું ચાલુ

કેનાલોની સુધારણાનું કામ આ કંપની કરે છે. કન્સેપ્ટ નવો છે તેથી અમે તેમને બે પાયલોટ ોજેક્ટ આપવા માગીએ છીએ.

સૌરભ પટેલે કહ્યું હતું કે આ મલ્ટીનેશનલ કંપનીએ નેવીલી લિગ્નાઈટની ખાણોમાં કામ કર્યું છે. હજી અમે કંપનીની મશીનરીનો અભ્યાસ કરી રહ્યાં છીએ અને બે સાયફનને ક્લિનીંગ કરવાનું કામ આપવા ઈચ્છિએ છીએ. ોઝન્ટેશનમાં જોયું કે કેનાલોમાં સફાઈનું કામ થતાં પાણીનો ફ્લો વધે છે, ગુજરાતની કેનાલોમાં પાણીનો ફ્લો વધારવા માટેનો પાયલોટ ોજેક્ટ સકસેસ થશે તો કંપનીને કામ આપવાનું વિચારાશે.

ઉલ્લેખનીય છે કે મોદીની મુખ્યમંત્રીપદેની શપથવિધિ સમારોહમાં વિવેક ઓબેરોય ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

દૂંદી મુદતની જાહેર નિવિદા નંબર - ૧/૨૦૧૩-૧૪
નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, પંચાયત પેટા વિભાગ
જિલ્લા પંચાયત, ગાંધીનગર

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ, જિલ્લા પંચાયત ૩૮૨૦૧૩. ફોન નં. ૨૩૨૫૯૯૬૫ દ્વારા ગુજરાત રાજ્યની જે તે તાલુકાની મજુર કામદાર સહકારી મંડળીઓ દ્વારા આપેલ સમયમર્યાદામાં ટેન્ડર આપવાની તેમજ પરત લેવાની તારીખો નીચે મુજબ છે. કામની વિગતવાર નોટીસ કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવે છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

અનુ.	કામનો નંબર	કામની વિગત જે તે તાલુકાની મજુર કામદાર સહકારી મંડળીઓ માટે	
		ટેન્ડર કોપી આપવાની છેલ્લી તારીખ	ટેન્ડર કોપી પરત લેવાની છેલ્લી તારીખ
૧	૨	૩	૪
૧.	૧.	૨૬-૭-૨૦૧૩	૧-૦૮-૨૦૧૩

નાયબ કાર્યપાલક ઈનેજર
પંચાયત પેટા વિભાગ, ગાંધીનગર
માહિતી/૮૪૬/૧૩-૧૪